વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું ‘સેવા’નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૪ : અંક - ૫-૬ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : માર્ચ ૬-૨૨, ૨૦૨૬

# ‘‘બહેનો, કામ અને શાંતિ’’ : ‘સેવા’નો અફઘાનિસ્તાનમાં કામનો અનુભવ

ઈલાબહેન હંમેશા માનતા – ‘‘તેમના પાંચ દાયકાના શ્રમજીવી કામદાર બહેનો જોડેના કામને આધારે કે, અશાંતિ સર્જાય તેના કારણના મૂળમાં જવું જરૂરી છે. જે ‘સેવા’ના કામના અનુભવ પરથી સમજાયું કે, ‘‘બહેનો, કામ અને શાંતિ’’ અરસપરસ ઘનિષ્ટ રીતે વણાયેલાં છે.’’ બહેનો જયારે રોજી રળતી થાય, કુટુંબનું પોષણ કરતી થાય, ત્યારે કુટુંબમાં શાંતિ સર્જાય છે. જયારે પ્રત્યેક કામદાર પાસે સ્વમાનભેર જીવી શકે તેવું કામ/રોજગારી હોય છે, ત્યારે શાંતિ આપોઆપ સ્થપાય છે. આવા જ અભિગમ સાથે ૨૦૦૮-૦૯થી ‘સેવા’એ અફઘાનિસ્તાનમાં યુદ્ધથી અસર પામેલી બહેનો જોડે કામ કરવાની શરૂઆત કરી. આજે ૧૬ વર્ષે અફઘાન બહેનોનું સ્થાનિક સંગઠન ‘‘સાબાહ બાગે ખઝાના સોશિયલ એસોસિએશન’’ કાર્યરત છે. જ્યાં શ્રમજીવી બહેનો સ્વમાનભેર જીવી રહી છે તેમજ હાલની સરકારના ધારા-ધોરણ મુજબ કામગીરી કરે છે.

‘સેવા’એ ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં તાલિબાન રાજમાંથી તાજા જ બહાર આવેલા અફઘાન બહેનો સાથે કામ શરુ કર્યું ત્યારે બહેનો લાચાર, ગભરાયેલી અને આઘાતથી દિગમૂઢ, નિઃસહાય હતી. તાલીમ લઈને નવું શીખવાની સાંપડેલી તક ઝડપી લેવાની તેમની જીજીવિષા પણ નજરે ચઢે તેવી હતી.

૨૦૨૧ના વર્ષમાં ફરી તાલિબાન સરકાર આવી અને અચાનક બધું બદલાઈ ગયું. પણ સાબાહના બહેનો ગભરાયા નહીં. અફરાતફડીનો માહોલ થાળે પડતાં તેમણે હિંમતભેર સેવાનો તથા અંદરોઅંદર બહેનોના સંપર્ક શરુ કર્યા અને સતત ચાલુ રાખ્યા. ડર્યા નહિ, હિંમત ન હાર્યા, સમજપૂર્વક અને ગણતરી પૂર્વક ડગલાં માંડ્યા અને મક્કમપણે ઊભા રહ્યા. ઈલાબહેનની શીખ-ગમે તેવી મુશ્કેલીમાં હિંમત ના હારવી, પ્રયત્ન છોડી ન દેવા-અફઘાન બહેનોએ પણ આત્મસાત કરી બતાવ્યો.

આ શ્રમજીવી કામદારો દેશ છોડીને અન્ય પરદેશોમાં જઈ શકે તેવી તેમની પહોંચ ક્યાંથી હોય ? ઘણા બહેનોને પિતા, પતિ, ભાઈ કે દીકરો નથી અથવા તો હયાત હોય પણ, કોઈ કામ કરી શકે તેવી શારીરિક કે માનસિક દશા નથી. હા, પોતાની આવડત, પોતાના આર્થિક સંગઠનના સહારે બહેનો બાળકોને, નાનાં ભાઈ-બહેનોને ભણાવે છે, બે ટંકનું કમાઈને પરિવારને પોષે છે, ઉપરાંત વડીલોના આરોગ્યની કાળજી પણ લે છે.

૨૦૦૮-૦૯માં અફઘાનિસ્તાનની બહેનો ‘સેવા’માં આવી. ત્રણ મહિના અહીં રહી. સેવાની વિચારધારાને મૂલ્યોને આત્મસાત કર્યા. સિલાઈ, ફૂડ પ્રોસેસીંગ, જવેલરી બનાવવાની તાલીમ લઈ આવડત કેળવી. પરત જઈ પોતાનું તાલીમ કમ પ્રોડક્શન સેન્ટર પહેલાં કાબુલમાં ને પછી તો મઝાર-એ શરીફ, બાગલાન, પરવાન અને હેરાતમાં ઉભા કર્યા. ઈસ્તાલીફ, બગરામી જેવા કાબુલ શહેરના પરાં જેવા અતિ ગરીબ સમુદાયોના રહેણાંક વિસ્તારોમાં તાલીમ સેન્ટર ઉભા કર્યા. ૬,૦૦૦થી વધારે બહેનોને તાલીમ આપી, આ બહેનો આર્થિક રીતે પગભર થઈ.

'સેવા'ના અભિગમ મુજબ સ્થાનિક બહેનોનું આર્થિક સંગઠન ''સાબાહ બાગે ખઝાના સોશિયલ એસોસિએશન'' ૨૦૧૦માં નોંધાયું. બહેનો પોતેજ તેના માલિક અને મેનેજર. પોતે જ સંચાલન કરતાં થયા. પોતાપણાની ભાવના ઊભી થઈ. કેટલા ઉત્સાહ- ખંત અને આશાઓથી પાંચ સેન્ટરને ધમધમતાં કર્યા. બહેનો પ્રદર્શનોમાં જઈ ઉત્પાદનનું વેચાણ કરે. કાબુલના મોલમાં જગ્યા લઈ વેચાણ કરે. મોટી હોટલોમાં સામાન પહોંચાડે.

ત્યાં તો ૨૦૨૧માં તાલીબાનનું સામ્રાજ્ય ફરી આવ્યું. અચાનક બધું જ સ્થગિત થઈ ગયું. એકાદ-બે મહિના તો ખૂબ જ ડર રહ્યો. પણ ડરથી ભૂખ થોડી મટે ? કાંઈક તો કામ શોધવું જ રહ્યું. કોઈક રસ્તો કાઢવો રહ્યો. બહેનો ઉપર તો સખત પાબંદી ને રોકટોક. 'સેવા'ના સંપર્કમાં આગેવાનો સતત હતા. તેમને ભારત આવી જવું હતું નહીં તો કયાંક પરદેશ જવા માટે મદદ માંગતા. 'સેવા'ની આ રીત નથી. આપણી પરતી, દેશ છોડી પરાયા દેશમાં કેવી રીતે વસાય ? પરિસ્થિતિમાંથી ઉકેલ લાવવો જ રહ્યો. રચનાત્મક સંઘર્ષ ઝેલવાનો છે. કોઈક રસ્તો જરૂર નીકળશે. હિંમત કેળવી આપણે સાથે રસ્તો શોધીએ. બહેનોમાં હોસલો આવ્યો. ભારત સરકારને રજૂઆત કરી સલાહ માંગી. આંતરરાષ્ટ્રીય હુમેનીટેરીયન સંસ્થાઓના સંપર્કમાં મુક્યા. જે રાહત પહોંચાડતા હતા, તેમાં આ બહેનોને પણ આવરી લીધી. મદદ મળતાં હિંમત વધી. પણ રાહત કાયમ થોડી મળે ?

બહેનોને સમજાવ્યા. થોડી વધારે હિંમત કેળવી. 'હિંમતે મર્દા તો મદદે ખુદા', છ-એક મહિના પછી સરકારનાં વલણ અને માહોલની ચકાસણી કરીને દિવસ દરમ્યાન બેનોની જાહેર અવરજવરની છૂટછાટ ધ્યાનમાં આવતાં ત્રણથી ચાર બહેનોએ પહેલ કરી. પહેલાં તો ખૂબ ડર હતો. ગાંઠના ભાડા ખર્ચીને અઠવાડિયે એકવાર સેન્ટર પર જતાં, સેન્ટરની માવજત કરતાં. જુનો સ્ટોક થોડો થોડો બહાર લાવી વેચતાં.

બહેનોના નામે ખાતું - તે સીલ કરી દેવાયું. તેને પુનઃ શરૂ કરવાની મથામણ ચાલી રહી છે. તેના માટે બેંકમાં આંટા-ફેરા શરૂ કર્યા.

ભારત સરકારનો ખૂબ આભાર..

છેલ્લા ૧ વર્ષથી ભારતીય દૂતાવાસ અને કાબૂલ દ્વારા અનૌપચારિક રીતે ઘણો જ સાથ-સહકાર મળી રહ્યો છે.

નાના જૂથમાં જ વારાફરતી કામ કરવાનું. બધા એક સાથે નહીં. બધું માન્ય છે. કામ ચાલુ થાય એજ અગત્યનું.

આર્થિક સહાય અને બજાર જોડાણમાં આજે કાબુલમાં ''સાબાહ બાગે ખઝાના સોશિયલ એસોસિએશન'' અને તેનું સેન્ટર વ્યવસ્થિત ચાલી રહ્યું છે. લગભગ ૩૫ જેટલી બહેનોને આવક અને રોજગારી મળે છે. બહેનો નાનાં જૂથમાં વારાફરતી કામ કરતાં થયાં, 'સેવા'ની તાલીમો, પીઠબળ અને બાગે ખઝાના એસોસિએશન જાતે ચલાવતાં બહેનો પારાવાર મુશ્કેલીઓમાં પણ ૧૦ વર્ષનો કામકાજનો અનુભવ ભૂલ્યા નથી. સાવચેતી પૂર્વક, નાનાં પાયે સુપેરે કારોબાર ચલાવે છે. બેનો કામ માટે ઘરમાંથી બહાર નિકળી, કંઈક કરીને રોજી-રોટી કમાવાના આત્મસંતોષનો રણકો તેમના સલામ શબ્દોમાં ઉભરી આવે તે સાંભળીને આપણે શાંતિ અનુભવીએ.

હવે વાત સાંભળીએ અહીં તાલીમ લેવા આવેલા હફીઝા અહેરારીબહેનના અનુભવની... જેઓ ૫૦ વર્ષના છે. તેઓ કહે, ૨૦૦૮માં સેવામાં હું સિલાઈ કામની તાલીમ લેવા આવી હતી, ત્યારે ત્રણ મહિના રોકાઈને સિલાઈની તાલીમ લીધી. આમ જોઈએ તો આ મારા માટે એકદમ નવી દુનિયા હતી. 'સેવા'માં આવીને તાલીમની સાથે સાથે બહેનો જોડે કેવી રીતે રહેવું ? કેવી રીતે વાતચીત કરવી ? બધાને કેવી રીતના સમજી શકાય ? આ બધું શીખી, ફૂડ પ્રોસેસીંગની તાલીમમાં. અહીંયાથી કાબુલ જઈને અમે માસ્ટર ટ્રેનર તરીકે તાલીમ આપવાનું શરૂ કર્યું, સાથે સાથે હું કાચા માલની ખરીદી પણ કરતી હતી અને વેચાણના ઓર્ડર પણ લાવતી હતી. આ રીતે બે વર્ષ સુધી માસ્ટર ટ્રેનર્સની કામગીરી કર્યા પછી જયારે બીજા પ્રોવિન્સમાં સેન્ટર શરૂ કરવાના હતા ત્યારે ટીમ સાથે રહી કંપાર, હેરાત, મઝાર એ-શરીફ, બાગલાન, ઈસ્તાલીફ અને શક્કરદારા પ્રોવિન્સ આ દરેક જગ્યાએ ગારમેન્ટ અને ફૂડ પ્રોસેસિંગના સેન્ટર સેટ્અપ કર્યા.

અત્યાર સુધીમાં ટીમ સાથે રહી લગભગ ૬૦૦૦ જેટલી બહેનોને અલગ અલગ તાલીમો આપી આ સમયગાળા દરમિયાન હું વારંવાર 'સેવા'માં ગઈ ત્યાં ઘણા બધા પ્રકારની અલગ અલગ તાલીમ લીધી જેવી કે, બેઝિક અકાઉન્ટિંગ, સ્ટોર મેનેજમેન્ટ, સેન્ટર મેનેજમેન્ટ અને બિઝનેસ પ્લાન આ બધું શીખીને હું એક લીડર તરીકે તૈયાર થઈ. 'સેવા'માં એ મારામાં આત્મવિશ્વાસ ભર્યો અને હું ઘણા બધા એક્ઝિબિશનમાં ભાગ લેવા પણ ગઈ, જેમાં હું બધું જ સંચાલન કરતા શીખી. સ્ટોક કઈ રીતે મેનેજ કરવો, કઈ જગ્યાએ કેવો સ્ટોક લઈ જવો એનો હિસાબ કેવી રીતના રાખવો આ બધી જ આવડત તાલીમના લીધે મારામાં આવી.

બધું જ સરસ કામ ગોઠવાઈ ગયું હતું. મારી આવકથી હું ઘરમાં ઘણી મદદ કરતી હતી. મારા નાના ભાઈ અને બહેનોને ભણાવવામાં પણ મારી મદદ રહી, પરંતુ વર્ષ ૨૦૨૧માં તાલીબાન આવ્યા અને અચાનક બધું જ બંધ થઈ ગયું. શરૂઆતમાં તો એટલો બધો ડર હતો કે, કોઈપણ રીતે દેશ છોડી બહાર જતા રહીએ, આ માટે મેં બહુ જ પ્રયત્ન કર્યા કે હું બીજા દેશમાં મારા પરિવાર સાથે જતી રહું, ત્યારે પણ સેવાના બહેનો સતત સંકલનમાં હતા. અમારી સાથે વાત કરતા હતા અને અમને સમજાવતા હતા કે, દેશ છોડીને જવું એ કોઈ ઉકેલ નથી. તમે હિંમત રાખો આપણે આગળ નવું કંઈક વિચારીશું.

બે વર્ષ સુધી તો સતત ટેન્શન અને કામ વગર ગયા. ઘણી બધી તકલીફો પડી. એક ટંક જમવાનું મળે તો બીજો ટંક શું જમીશું? એ પણ ચિંતા હતી. ત્યારે સેવાની મદદથી બે-ત્રણ વાર અમને રાહત કીટ પણ મળી અને એમાંથી ઘરનું ગુજરાત ચાલવા લાગ્યું. ત્યાર પછી હિંમત કરી બીજા બધા બહેનોને પણ એકઠા કર્યા અને અમે જે ટીમમાં હતા તેવા સાત બહેનો ભેગા મળી ગમે તે રીતે કામ શરૂ કરવાનું નક્કી કર્યું. શરૂઆતમાં અમે જયારે સેન્ટરમાં ગયા ત્યારે સેન્ટરની હાલત બહુ જ ખરાબ થઈ ગઈ હતી. ઘણું બધું રીપેરીંગનું કામ બાકી હતું. મ્યુનિસિપાલટીનો ટેક્સ પણ ભરવાનો બાકી હોવાથી અમારું સેન્ટર સરકારમાં જતું રહે એવી ભીતિ હતી, જેમાં ભારત સરકાર અને 'સેવા'ના સહયોગથી અમને ભારતની એમ્બેસીમાંથી સહાય મળી અને જેનાથી અમે ટેક્સ ચૂકવ્યો. એમ્બેસીમાંથી ટીમ આવી અને જે અમારા સેન્ટરમાં સાધનો ખરાબ થઈ ગયા હતા, પાઈપલાઈનો ખરાબ થઈ હતી આ બધું જ કામ રીપેરીંગ કરાવ્યું અને અમે હિંમત કરીને સેન્ટર શરૂ કર્યું. શરૂઆતમાં બહુ બીક લાગતી હતી તેથી ભાઈને સાથે લઈને આવતા બહેનો પણ ડરતા હતા. શરૂઆતમાં ઘણા બધા લોકો ગમે ત્યારે આવી જતા અને પૂછતા હતા કે આ કોનું સેન્ટર છે ? તમને કોણ સહાય કરે છે ? એના પૈસા ક્યાંથી આવે છે ? આ સેન્ટર અમે હિંમતભેર બહેનો જ ચલાવીએ છીએ અને મુશ્કેલીઓનો સામનો કરતાં રહ્યા અને ફરીથી પણ આ સેન્ટર શરૂ કરવા માટે પહેલાં જેવું કામ માટે અમને ફરીથી ભારતીય દૂતાવાસ, કાબૂલ દ્વારા સહાય મળી. એ સહાયથી અમે કાચો માલ લાવ્યા અને ફૂડ પ્રોસેસિંગનું કામ શરૂ કર્યું. અત્યારે મારી સાથે બીજા ૩૦ બહેનો અને અમે ૩ બહેનો આ રીતે કુલ ૩૩ બહેનો એ ફૂડ પ્રોસેસિંગનું કામ શરૂ કર્યું છે, જેમાં અમને મહિનાની પાંચથી છ હજાર જેટલી આવક મળવા માંડી છે અને મારા ઘરમાં આ આવકથી ઘણો ટેકો થયો છે. અમે હવે બે ટંકનું જમવાનું જમી શકીએ છીએ, આ માટે હું સેવાની હંમેશા આભારી રહીશ કે, અમારી કટોકટીના સમયે સેવાએ હાથ ઝાલી રાખ્યો છે જે કદાચ કોઈ ન કરી શક્યું હોત.

**– રીમા, પ્રતિભા, મનિષા**

❑

## ભવિષ્યનું નિર્માણઃ બાંધકામ ક્ષેત્રમાં ઓટોમેશન અને લિંગ અસમાનતા

## અમદાવાદ, ગુજરાતનો કેસ અભ્યાસ

### (અધ્યયનનો ટૂંકો નિષ્કર્ષ)

ભારતમાં બાંધકામ ક્ષેત્ર ખેતી પછીનું સૌથી મોટું કામ આપતું ક્ષેત્ર છે. આ ક્ષેત્ર કરોડો લોકોને રોજગાર આપે છે, જેમાં ઘણાં સ્ત્રી કામદારો પણ છે, ખાસ કરીને આદિવાસી વિસ્તારોની. પરંતુ છેલ્લા થોડા વર્ષોમાં બાંધકામ સાઈટ પર નવી મશીનો અને નવી પદ્ધતિઓ આવી છે, જેને ''ઓટોમેશન'' કહેવામાં આવે છે. આ બદલાવથી કામ કરવાની રીત ઘણીએ બદલાઈ છે - અને તેની અસર ખાસ કરીને સ્ત્રી કામદારો પર વધારે પડી છે.

આ અભ્યાસ અમદાવાદ અને ગાંધીનગરના બાંધકામ સાઈટો, ફેક્ટરીઓ અને પ્રીકાસ્ટ યાર્ડમાં ૨૦૨૩–૨૦૨૫ દરમિયાન કર્યો હતો. અભ્યાસમાં સ્ત્રી કામદારો અને પુરુષ મજૂર, કોન્ટ્રાક્ટર, ઈજનેરો વગેરે સાથે વાતચીત કરાઈ.



**કટીંગ મશીન ચલાવતી મહિલા કામદાર**

**૧. બાંધકામ ઉદ્યોગમાં મશીનો અને નવી ટેકનોલોજીનો વધારો**

અમદાવાદમાં છેલ્લા દાયકામાં બાધકામ ઉદ્યોગમાં ઘણી નવી તકનીક વપરાઈ રહી છેઃ

- ક્રેન, પંપ, મશીનથી સામગ્રી ઉચકવી
- સાઈટ પર કૉંક્રીટ મિક્સ કરવાને બદલે તૈયાર મિક્સ આવવું
- માઈવાન/ અલ્યુમિનિયમ ફોર્મવર્ક જેવી નવી શટરિંગ
- ઈંટની જગ્યાએ AAC બ્લોક



**મહિલા તાલીમાર્થી ટાઈલ કાપવાનું મશીન ચલાવતા શીખી રહી છે**

- સાઈટ પર બનાવવાની જગ્યાએ પ્રીકાસ્ટ ફેક્ટરીમાં ભાગો તૈયાર થવા લાગ્યા

આ બદલાવથી બાંધકામનું કામ ઝડપી બન્યું છે, પણ સાથે જ સાઈટ પર મજૂરોની જરૂરિયાત ઘટી છે.

મોટા પ્રોજેક્ટોમાં મશીનો વધારે છે અને મજૂર ઓછા, ખાસ કરીને સ્ત્રી કામદારો.

૨. કામદાર બહેનો માટે કામના અવસરોમાં ઘટાડો

પરંપરાગત રીતે મહિલાઓ મોટાભાગે આ કામ કરતી હતીઃ

- ઈંટ, રેતી, સિમેન્ટ વહન કરવું
- મેસન અથવા કારપેન્ટરને મદદ
- કૉંક્રીટ મિક્સિંગમાં સહાય

પણ ઓટોમેશન આવતાંઃ

- ક્રેન અને હોઈસ્ટ હોવાથી સામગ્રી વહન ઓછું થયું
- બેચિંગ પ્લાન્ટ આવવાથી કૉંક્રીટ મિશ્રણનું કામ લગભગ બંધ થઈ ગયું
- નવું ફોર્મવર્ક આવવાથી સાઈટ પર કામદારોની જરૂર ૪૦-૫૦% ઘટી
- પ્રીકાસ્ટ આવવાથી સાઈટ પર ૮૦% સુધી મજુરીનું કામ ઘટી ગયું

આ બધા બદલાવથી કામદાર બહેનોનાં રોજગાર પર સીધી અસર પડી છે, કારણ કે આ બધા કામોમાં મહિલાઓની સંખ્યા વધારે હતી.

ખાસ કરીને ભીલ અને અન્ય આદિવાસી કામદાર બહેનો માટે આ સ્થિતિ વધારે મુશ્કેલ બની છે, કારણ કે તેઓ માટે શહેરમાં કામના વિકલ્પ ઓછા રહી ગયા છે.

૩. ‘‘કુશળ કામ’’ માંથી મહિલાઓને દૂર રાખવામાં આવી રહી છે

ભલે બહેનો વર્ષોથી બાંધકામમાં કામ કરી રહી છે, છતાં તેમને ઘણી વખત ‘‘હેલ્પર’’ જ ગણવામાં આવે છે.

નવી ભૂમિકાઓ જેમ કે,:

- મશીન ઓપરેટર
- સુપરવાઈઝર

આ લગભગ પુરુષો સુધી જ મર્યાદિત છે.

કારણોઃ

- ‘‘સુરક્ષા’’ના નામે મહિલાઓને ઘણી જગ્યાએ રોકવી
- રાત્રીના શિફ્ટ અથવા દૂરની સાઈટ પર બહેનોને ન રાખવાની પ્રથા છે.
- ‘‘સ્ત્રી કામદારો મશીન ન ચલાવી શકે’’ જેવી માન્યતાઓ
- વસ્ત્ર, ગતિશીલતા અને ઘરમાં સંભાળની જવાબદારી

આ બધું મળીને સ્ત્રી કામદારોને નવી ટેક્નોલોજી સાથેનું કામ શીખવાથી અને આગળ વધવાથી રોકે છે.

૪. વેતનમાં ભારે અસમાનતા

બાંધકામ ક્ષેત્રમાં વેતનમાં ભારે ભેદભાવ છેઃ

- સ્ત્રી ‘‘હેલ્પર’’ને પુરુષ ‘‘હેલ્પર’’ કરતાં ૧૦-૨૦% ઓછું વેતન મળે છે.

- કુશળ કામદારો કરતાં સ્ત્રી કામદારોને ૪૦-૫૦% ઓછું
- ઘણી જગ્યાએ તો સ્ત્રી કામદારોને કાયદેસર લઘુત્તમ વેતનથી પણ ઓછું ચૂકવાય છે.

તે સિવાય ‘‘જોડી પધ્ધતિ’’માં પૈસા પુરુષને આપવામાં આવે છે, જેથી સ્ત્રી કામદારોનું કામ અદ્રશ્ય બની જાય છે.

૫. ભરતીમાં ભેદભાવ- સ્ત્રી કામદારોને ‘‘બોજ’’ માનવાની માન્યતા

ઘણા કોન્ટ્રાક્ટર માને છે કેઃ

- મહિલા કામદારોને રજા વધુ પડે.
- બાળકોની જવાબદારી હોય.
- સાઈટ પર રહેવાની-સુવિધાની જરૂર પડે.



**ચણતર કામ કરતી તાલીમાર્થીબહેન**

આ વિચારોને કારણે મહિલા કામદારોને કામ પર રાખવામાં કે ‘‘કુશળ’’ કામદાર તરીકે કામે નથી રખાતા.

કેટલાક કિસ્સામાં અવિવાહિત અને વિધવા મહિલાઓ સામે તો સીધો ભેદભાવ જોવા મળ્યો.

૬. બાધકામ કામદારોની સંભાળની જવાબદારી અને સહાયનો અભાવ

મહિલાઓ દિવસભર સાઇટ પર કામ કરે છે અને પછી ઘરની સંપૂર્ણ જવાબદારીઓ પણ સંભાળે છે.

**સાઈટ પરઃ**

- બાળ સંભાળની કોઈ વ્યવસ્થા નહીં
- સ્વચ્છતા-પાણી જેવી સુવિધાઓ ઓછી
- ફરિયાદ કરવા માટે કોઈ વ્યવસ્થા નહીં
- કોન્ટ્રાક્ટરોની લાંબી ચેઈન હોવાથી મહિલા કામદારોને હક્ક માંગવો મુશ્કેલ રહે છે.

આ કારણે મહિલાઓ વધારે અસુરક્ષિત અને નબળી સ્થિતિમાં રહે છે.

**નિષ્કર્ષઃ**

બાંધકામ ક્ષેત્રમાં મશીનો અને નવી ટેકનોલોજી આવવી માત્ર કામ ઝડપથી થાય તે માટે નથી, પણ તેની અસર કોને પડે છે, તે પણ મહત્વનું છે.

અભ્યાસ બતાવે છે કેઃ

- ઓટોમેશનથી સૌથી વધારે નુકસાન સ્ત્રી કામદારોને થયું છે.
- મહિલાઓના પરંપરાગત કામ ઘટ્યા, પણ નવી ભૂમિકાઓ તેમની સામે ખુલ્લી નથી.
- વેતનમાં અસમાનતા વધી છે.
- ઉપ-ઠેકેદારીથી મહિલાઓના હક્ક, સુરક્ષા અને ઓળખ નબળી થઇ છે
- ટેકનોલોજીથી ‘‘સમાજમાં જે અસમાનતા છે તે વધુ ઊંડી બની છે.

ટેકનોલોજી સાથે સાથે, નીચેના ક્ષેત્રમાં પણ સુધારો જરૂરી છેઃ

- મહિલાઓની ન્યાયપૂર્ણ ભરતી
- મહિલાઓને કુશળ તાલીમ આપવી
- સાઇટ પર સંભાળ અને સુવિધાઓ

Estd. 1974 Reg. No.: S 12446

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન: ૦૭૯-૨૬૫૮૧૬૫૨, ૦૭૯-૨૬૫૮૧૫૯૭, ઈ-મેલ:- mail@sewabank.com
વેબ સાઈટ:- www.sewabank.com

ગુજરાતમાં ૧૩ શાખાઓ સાથે ૫૨ વર્ષથી સેવા આપતી બેંક

**મેળવો સરળતાથી અને ઝડપી લોન ઓછામાં ઓછા ડોક્યુમેન્ટ્સ સાથે**



ગોલ્ડ લોન




ઘર લોન




વાહન લોન




મેળવો ડીપોઝીટ ઉપર ૯૦% સુધી નો ઓવર ડ્રાફ્ટ



ધંધો વિકસાવા માટે લીમીટવાળી લોન



ધંધા ને લગતા મશીન ખરીદવાની લોન

અન્ય :

- સેવા બેંકમાં ખાતું ખોલાવો અને સરળતાથી લોન મેળવો
- મોર્ટગેજ લોન સુવિધા
- ઈ.સી.એસ. તથા યુપિઆઈ દ્વારા ઘરે બેઠા સરળતાથી હપ્તા ભરવાની સેવા ઉપલબ્ધ

- મહિલાના કામની યોગ્ય કદર

જો આવી વ્યવસ્થા નહીં બને તો ભવિષ્યનું બાંધકામ-ઝડપી તો બને, પરંતુ અસમાન બનતું જશે.

**સાભાર- વર્ક ફેર એન્ડ ફ્રી, આજીવિકા બ્યુરો**

❑

# જૈવિક ટકાઉ ખેતી

આપણા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી માર્ચ મહિનામાં બે દિવસ અમદાવાદ આવ્યા. અહીં ખેતી અને ખાસ કરીને શાકભાજીનું ઉત્પાદન વધુ થાય છે. તેઓ પોતે જૈવિક ખેતીના મજબૂત સમર્થક છે અને ગામસ્તરે થતી ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા ગુજરાતના વિવિધ ગામોમાં જઇ ખેડૂતો સાથે સીધી વાતચીત કરી કુદરતી ખેતી અપનાવવા પ્રેરણા આપી રહ્યા છે. તેમણે રાત્રે 'સેવા'ના ખેડૂ સભ્યબેન રમીલાબહેનને ત્યાં ભોજન લીધું.

સાંજની ગ્રામસભામાં તેમણે રાસાયણિક ખેતીના નુકશાન વિષે સમજાવ્યું કે, ખાતર અને જંતુનાશકના વધુ પડતા ઉપયોગથી જમીનની ઉત્પાદકતા ઘટે છે, ખેતીનો ખર્ચ વધે છે જેની પ્રત્યેક જીવો પર ગંભીર અસર પડે છે. જેમ કે, માનવી, પશું... જ્યારે જૈવિક ખેતી જમીનને જીવંત બનાવી પોષણયુક્ત ખોરાક પૂરો પાડે છે. તેમની પાસે ૪૦૦-૪૫૦ દેશી ગાયો છે જેના દ્વારા તે જૈવિક ખેતી કરે છે. ખેડૂતોએ ગાય આધારિત ખેતી અપનાવવી જોઇએ. જેમાં પાક અને પશુપાલન સાથે મળીને એક સજીવ ચક્ર બને છે.

ચર્ચા દરમ્યાન ખેડૂતોને પશુપાલન વિષે પૂછતાં સેવાના આગેવાન મિત્તલબહેન, ઉંમર ૨૬ વર્ષના છે તેઓ ફટાક દઇને ઉભા થઇને જણાવ્યું કે, હું પાંચ ગાયો ઉછેરું છું. જે ૩૦ લીટર દૂધ આપે છે અને જૈવિક ખેતી કુદરતી ખાતર, જીવામૃત, નિમાંસ્ત્ર, બીજામૃત, ધન જીવામૃતનો ઉપયોગ કરીને ખેતી કરું છું. આનાથી આવક અને પર્યાવરણ બન્નેનું રક્ષણ થઇ શકે છે. આ જૈવિક ટકાઉ ખેતીની સમજ મને મારા સંગઠનની 'ખેતી ઝુંબેશ' અને 'સ્વચ્છ આકાશ ઝુંબેશ'થી મળી. આ ઝુંબેશનો મુખ્ય હેતુ ગામોમાં જમીન અને પાણી પ્રદૂષણ મુક્ત બને જેથી વાતાવરણ સ્વચ્છ બને.

રાજ્યપાલજીએ મિત્તલબહેનના કાર્યની પ્રશંસા કરી. બીજા દિવસે તેઓ મિત્તલબહેનના ખેતરમાં ગયા. તેમણે તેમની ખેતી અને પશુપાલનની પદ્ધતિઓને નજીકથી નિહાળી અને સંતોષ વ્યક્ત કર્યો. તેમણે સેવા સંગઠનના અમરતબહેન જોડે પણ વાત કરી જેમાં અમરતબહેને જણાવ્યું કે, તેઓ પ્રાકૃતિક ખેતી કરે છે અને બીજા બેહનોને પણ જૈવિક અને જીવંત ખેતી કરવાનું માર્ગદર્શન આપે છે. રાજ્યપાલજીને આ વાત ખૂબ ગમી અને તેમણે કહ્યું કે, ''બધા ખેડૂતો જે પણ પ્રાકૃતિક ખેતી કરે છે તેમને બીજા ખેડૂતોને જૈવિક ખેતી વિશે માર્ગદર્શન આપવું જ જોઈએ જેથી ખેડૂતો જૈવિક ખેતી તરફ વળે.'' આ દરમિયાન સેવા સંગઠનના સંગઠક મંજુલાબહેને રાજ્યપાલજી સાથે ચર્ચા કરી રજૂઆત કરી. જેમાં 'સેવા'ના હરિયાળા ગામ, જૈવિક ખેતી અને ટકાઉ આજીવિકાના મોડેલ વિશે ટૂંકમાં રજૂઆત કરી. રાજ્યપાલજીએ ખૂબ રસપૂર્વક આ તમામ વાતો સાંભળી. મંજુલાબહેને તેમને 'સેવા'ની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું. જેમાં તેમણે કીધું કે, તે ચોક્કસ મુલાકાત લેશે.

કૃષિવિભાગ અને 'આત્મા' મંડળ જૈવિક ખેતી કરતાં ખેડૂતોના સ્ટોલ હતાં જેમાં, 'સેવા'ના હરિયાળી ઉપકરણોનું નિદર્શન કરતાં સ્ટોલની મુલાકાત પણ રાજ્યપાલજીએ લીધી અને બિરદાવ્યા.

સેવા સંગઠન માટે આ માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ વર્ષોથી ચાલતી તળપદા શ્રમિક બહેનોની ચળવળ અને મહેનતને મળેલી માન્યતાનું પરિણામ હતું. મિત્તલબહેનનો આત્મવિશ્વાસ સંગઠનના બહેનોનો સામુહિક પ્રયાસ એ વાતનું જીવંત ઉદાહરણ છે કે, જ્યારે શ્રમજીવી બહેનો સંગઠિત થાય છે, તાલીમ મેળવે છે અને તક મળે છે, ત્યારે તેઓ કોઈ પણ મંચ પર આત્મવિશ્વાસથી ઉભા રહી શકે છે અને ટકાઉ અને સ્વસ્થ ભવિષ્ય તરફ માર્ગદર્શન આપી શકે છે.

**– મંજુલા પાઠક**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6-22-3-26

## અનસૂયા

- ૪૪માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'

- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.

- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.

- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.

- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા**

6-22-3-26

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]